# મારી શોધ કહાની

## મલ્ટીડ્રિલ કલ્ટીવેટર્સની

વર્ષ ૧૯૯૦ ની વૈશાખી ધોમ ધખતી એ બપોર હતી. જીંદગીની બચતોમાં થી પહેલી ખરીદી ગ્રીન સિટી, બોપલ, ઘુમા જી. અમદાવાદની પ્લોટિંગ સ્કીમમાં પ્લોટ નં-૬૯, (૬૦૦ ચો. વાર) તથા પ્લોટ નં-૭૦, (૪૦૦ ચો. વાર) ખરીદેલ.

પ્લોટની ચોફેર કમ્પાઉન્ડ વોલ કરવા માટે પાયા ખોદાય તે પહેલાના ખૂંટ મારીને લાઈનોના નિશાન કરવાના હતા. સવારે ૯ થી ૧ તથા સાંજે ૪.૩૦ થી ૮.૩૦ ના કામના કલાકો બાદ કરતાં અન્ય કોઈ કામ માટે બપોરનો જ સમય મળે.

મારી સાથે મારો એક મજદૂર નથ્થુ, મહમ્મદ-ગ્રીન સિટી નો પગી તથા મારા પિતરાઇ ભાઈ રાજન (Er.) ત્રિકમથી ટચકા મારીને જમીન પર લાઈનો પાડી રહ્યા હતાં. હું, ગરમીથી ત્રસ્ત થઈ એક નાની અમથી બોરડીના છાંયે, દૂર બેસીને થતું કામ નિહાળી રહ્યો હતો.

મને એક વિચાર સ્ફુર્યો કે, બે નાના પૈડાં વચ્ચે પૈડાની જ ગતિથી ફરતો કોઈ અણીદાર સળિયો ગોઠવ્યો હોય તો આ ત્રણ કલાક નું કામ ૩૦ મિનિટમાં જ પતી જાય.

તે જ  સમયે, દૂર એક ધરતી પુત્ર (ખેડૂત) ને હળથી જમીન ખેડતા જોયો, અને હું જોતો જ રહી ગયો. કેમ કે મને મનમાં એવું કાંઈક સ્ફુર્યું કે એવું જ મોટું સાધન બનાવ્યું હોય તો જલસા પડી જાય. ખેડે તો ખરું જ, વગર મહેનતે તથા બળદને, ખેડૂતને તથા દેશને પણ ફાયદો. વગર કોઈ પ્રદૂષણે અને સાથે બળદો પણ કતલખાને જતાં બચે અને આપણાં પ્રાકૃતિક ચક્ર (Ecology) ની ય જાળવણી થાય.

આમ બેઠા બેઠા શેખ ચલ્લીની જેમ વિચારોની હારમાળા ચાલ્યા કરી. ખબર નહીં પણ ક્યાં થી ક્યાં જતો રહ્યો વિચારોમાં.

કામ પતાવીને પાછા અમદાવાદ આવ્યા, પણ મનને આરામ ન હતો. કોને કહેવું? કોણ બનાવી આપશે એવું મશીન? કોણ સંભાળશે મારા જેવા ડોક્ટરની વાત? બે-પાંચ લાગતાં વળગતાઓ ને કહી પણ જોયું. ઉપેક્ષા સિવાય કાંઇ ના મળ્યું.

શાસ્ત્રોક્ત શુકદેવજીના સોળ વર્ષના લાંબા ગર્ભાધાનની જેમ નવ-દસ વર્ષોના વહાણા વીતી ગયા.

સમય ક્યાં કોઇની રાહ જોઈને ઊભો રહ્યો છે. મારો વિચાર કોન્સેપ્ચ્યુયલ (Conceptual) લેવલે વિચારોમાં જ રહ્યો.

" વિચારે વિચારતો માનવ,
વિચારમાં જ ખોવાય....
મારાજ મનમાં મને શોધતો,
હું ખોવાયો છું....."

હવે બન્યું કાંઈક એવું કે એક વખત મારા મોટા ભાઈ ડો. જવાહરભાઈ ને એરપોર્ટ પર થી ઘરે લાવતાં મારી એમ્બેસેડર ગાડી ટ્રાફિકમાં અટવાઈ. ગાડીની આગળ જ એક ઊંટગાડી હતી. હું બોલી ઉઠ્યો કે આ રણનું પ્રાણી શહેરમાં રોડ ઉપર શું કરે છે? તેના પગમાં રણની રેતી ભરેલાં બુટ પહેરાવી દો તો તેની પૂરી ક્ષમતાનો ઉપયોગ થાય.

આ પ્રસંગને થોડા સપ્તાહો વિત્યા હશે ને છાપામાં વાંચવામાં આવ્યું કે કોઈએ યુરોપમાં animal shoes- પ્રાણીઓના બુટ શોધ્યા ને રોયલ્ટીમાં અબજો પાઉન્ડ કમાયા. વિચાર્યું કે આ વિચાર તો મને પણ આવેલ જ. મતલબ, મારુ મગજ પણ સારા વિચારો કરી શકે છે જ.

વળી પાછો જૂનો મશીનવાળો વિચાર સળવળાટ કરવા માંડ્યો. તે વખતના મારા એક મિત્ર પુરનચંદ શર્માજી-(લેથવાળા) પાસે મે મારો વિચાર પ્રદર્શિત કર્યો. ને તરત જ વિચારનો સ્વીકાર થયો. પંદર દિવસ સુધી એમને પણ ઊંઘ ન આવી. "આપ તો ડોક્ટર હો, આપકો યે સોચ આઈ કૈસે..." એવું તો મને ઘણી વખત કહી

ચૂક્યા. નાનું એવું પાયલોટ પ્લાન્ટ, એટલે કે નાનું એવું મશીન પહેલા બનાવવાનું નક્કી કર્યું. તો સુથારનું હેન્ડડ્રિલ જ તેની તૈયાર પ્રતિકૃતિ હતી.

સાંજે ૪.૩૦ વાગે, મારા ઇસનપુર અમદાવાદ ખાતે આવેલ "ગીતા મેટરનીટી હોમ" ની બહાર આ ડ્રિલ આડુ મૂકી ને ગોળ હેન્ડલ ફેરવતા જ આગળના ડ્રિલપાના એ જમીનમાં ખોદીને નાનકડા ચાસની જેમ લાઇન પાડવા માંડી. આનંદનો પાર ના રહ્યો. વિચાર સફળ, હવે ખાલી તેની મોટી પ્રતિકૃતિ જ બનાવવાની રહી. મનમાં અને કાગળો ઉપર વિચારોના વહેણ વહેતા રહ્યા, રાતોની ઊંઘ અને સપના પણ મશીનમાં જ અટવાતા રહ્યા.  મારી ખાનગી બચતો અને ખીસાખર્ચ માં થી તથા પત્નીથી છાનામાના શર્માજી ની ફેક્ટરીમાં મશીનનું (સ્કેલેટન) ખોખું તૈયાર થવા માંડ્યુ. દરેક તબક્કે, જૂજ ભણતરવાળા કોઈ ખેડૂતને વાપરવાનું છે તેનું ધ્યાન રાખતા રાખતા જ આગળ વધવાનું હતું. અંદરના ગિયરબોક્સના ચકકરો વગેરે, જુદી જુદી જગ્યાઓ એ બનાવડાવ્યા, જેથી એની કોઈ નકલ ન કરે. યોગ્ય ઊંચાઈના ટાયરો અમને કબાડીમાંથી મળ્યા, ઊંટલારીના. સસ્તા પણ પડ્યા.

પૈસાના અભાવે ઘણી વાર વચ્ચે વચ્ચે બે ત્રણ મહિના બેસી પણ રહેવું પડતું, છેવટે અઢી ત્રણ વર્ષે, બે ટાયરવાળું મશીન તૈયાર થયું. બળદોથી મશીન કેટલું છેટે રાખવું તે પણ વિચાર નો વિષય હતો. વળી પાછો વૈશાખી બપોરે જ વારો આવ્યો. ધુમા ગામના એક ખેતરમાં ખેડતાં બળદનું દરજીની જેમ માપ લેવાનું હતું. ઊંચાઈ, લંબાઈ, ચાલતા કેટલા ફૂટનું પગલું પડે છે, વિગેરે વિગેરે.....

બીતા બીતા માપ લઈને તેનું, કાચું ડ્રોઈંગ બનાવ્યું ને સરેરાશ ઊંચાઈમાં બળદના પ્રમાણમાપથી વચ્ચેની જોતરવાની લાંબી પાઇપ બનાવી..... મશીન તૈયાર. મને એમ કે ચાલો કામ પત્યુ, પણ હવે તો તકલીફો ની શરૂઆત થઈ. ન હું ખેડૂત હતો, ન મારી પાસે ખેતીની જમીન કે નહીં કોઈ બળદ. મશીન અમદાવાદ થી ધુમા કેવી રીતે લઈ જવું?

છેવટે એક લોડીંગ રિક્ષા સાથે બાંધીને ધુમા ગામે જ લઈ જઈ એક રેસિડેન્શિયલ પ્લોટ ઉપર ટ્રાયલ લેવાનું નક્કી થયું. જતાં વળી ઓકટ્રોય નાકું નડયું,

૭૦૦/- રૂપિયા ભરાવડાવ્યા. હવે ગામમાં થી કોઈ બળદ આપવા જ તૈયાર ન હતું. એક તો ગણ્યા ગાંઠયા ને ત્યાં જ બળદ, બાકી બધે જ ધુમાડા ઓકતા આખલા જેવા ટ્રેકટરો. ઘેર ઘેર ફરીને બળદોની શોધ ચાલી. એક જણ કહે “હું પહેલા આવી ને મશીન જોઉં, પછી કહું”. આવીને જોઈ ને કહે લઈ જાઓ પાછું અમારે ગામમાં આવું ના ચાલે. મે તેમને  સમજાવ્યા કે ના ચાલે તો બળદ પાછા લઈ જજો. તમને ભાડું આપીશ અને ચા નાસ્તો કરાવીશ. મેં, તમારા લોકો માટે તો આટલો સમય અને ખર્ચ કરીને બનાવ્યું છે. તો જવાબ મળ્યો કે “તમે તો ઇન્કમટેક્સમાં મજરે લેવા આવો ખર્ચો કરો છો, અમારા માટે નહીં” બીજા એક દાદા એ તેમના દીકરા જયંતિને બળદની જોડ લઈને મોકલ્યો. ત્યાં વળી નવી તકલીફ આવી.

નવી જાતનું મશીન જોઈ, બળદો મશીનની પાસે આવવા તૈયાર નહીં. ફરી પાછા દાદાને બોલાવ્યા. પ્રાણીઓ ને પણ લાગણી અને ગમા-અણગમા હોય છે તેનો અનુભવ થયો. દાદા એ વહાલથી હાથ પસાર્યો અને પ્રેમથી પુચકારયા, ને બળદ મશીન પાસે આવીને જોતરાઈ ગયા.

ખેડયા વગર, એમજ થોડા આંટા મરાવ્યા ને પછી ખેડ શરૂ થઈ. દાદા ને મશીન ચલાવવા માટેની જાણકારી આપી.

અમે છ થી સાત માણસો ઇંતેજારી થી લાંબા વર્ષોની મહેનતનું પરિણામ જોવા તત્પર થઈને ઊભા હતા. વળી પાછા બહુ માણસો જોઈને બળદો ભડકતા હતા તેથી વળી પાછું દૂર જઈને દૂર થી જ જોવાનો હુકમ છૂટ્યો.

હવે કરમની કઠણાઇ એવી થઈ કે, મશીન બે પૈડાંવાળું હોઈ, બળદના ચાલતા ચાલતા સહેજ વધુ આગળ નમતા જ મશીનના ચારે ડ્રિલપાનાં એક ફૂટ જેટલા ઊંડા જઈને જમીનમાં ખૂંપી ગયા. બ્રેક વાગી ગયી. જાણે કોર્ટનો સ્ટે આવી ગયો.

બળદને છૂટા કર્યા, અને જયંતિભાઈ ની આનાકાની છતા તેમના ખિસ્સા માં પરાણે ભેટ મૂકી ને વિદાય કર્યા. સમગ્ર વિચારનો, શોધનો, મશીનનો, જાણે અંત આવી ગયો.

ઝાડ નીચે બેઠા બેઠા ઘણા વિચાર મંથન ના અંતે મશીન ત્યાં જ રાખી, માપ લઈ, ચીપિયા સાથેનું નવું પૈડું લાવી આગળના ખૂણે ફિટ કરી દેવું એમ નક્કી થયું. જેથી ત્રણે પૈડાંના સેન્ટરોને જોડતા સમતલના સબંધમાં જ ડ્રિલપાનાં તેમનું કામ કર્યે રાખે. કોઈ ઊંડાઈમાં વધઘટ નો સવાલ જ ઊભો ન થાય. વળી જેટલી ઊંડી ખેડ કરવી હોય તેના પ્રમાણ માં ડ્રિલપાનાં ની લંબાઈ વધારી શકાય.

વિચાર નો અમલ કર્યો, અને સફળ પણ થયો. પછીના અન્ય ખેડૂતોની જમીન પોચી-સૂકી બંને માં સફળતા પ્રગટ થઈ. જ્યાં પણ ટ્રાયલ થતાં ત્યાં જોનારાઓ ની કુતૂહલતા ચરમ સીમા એ પહોંચતી.

મારા ઉત્સાહી મિત્રોએ મને આ મશીનની ઇંડિયન પેટન્ટ લેવાની સલાહ આપી. એક બે પેટન્ટ એટોર્નીઓ ને મળી આવ્યો પણ ખરો. ચાલીસ થી પિસ્તાળીસ હજારની ફી સાંભળીને પાછો આવ્યો. પછી ઇન્ટરનેટથી ઓનલાઈન પેટન્ટ ના ફોર્મ્સ મેળવ્યા. કેવીરીતે ભરવા તે જ સમજતા બે ત્રણ મહિના થઈ ગયા. મારા એક એંજિનિયર મિત્ર અરુણભાઇ દ્વારા મશીનના ડ્રોઇંગ્સ બનાવડાવ્યા.

તા. ૦૭-૦૩-૨૦૦૫ મહાશિવરાત્રિ ના દિવસે મુંબઈ પેટન્ટ ઓફિસમાં રૂબરૂ માં અરજી કરી આવ્યા. ત્યાનો કુલ ખર્ચ પચીસસો રૂપિયા તથા જવા આવવાનો ખર્ચ.

આ દરમ્યાનમાં આઈ. આઈ. એમ. અમદાવાદના પ્રોફેસર અનિલ ગુપ્તા સાહેબનો “ઓલ ઈન્ડિયા ઇંવેંટર્સ વર્કશોપ” માં આમંત્રણ મળ્યું. તા. ૮,૯,૧૦, સપ્ટેમ્બર ૨૦૦૬. ત્રણ દિવસ સમરસિયા જ્ઞાનપિપાસુઓ સાથે રહીને જ્ઞાન ની સીમાઓ ના વિસ્તાર કરવાનો મોકો મળ્યો. સમાજ કલ્યાણના ઉત્થાન ની એક ઉમદા પ્રવૃત્તિના સાક્ષી બનવા મળ્યું. તત્કાલિન અન્વેષણ એવોર્ડ માટે પણ અરજી કરેલ, પરંતુ આ બધા એવોર્ડ્સ જ્યાદાતર ફક્ત ગ્રાસરુટ વર્કર્સ માટેના જ હોય છે. ખેડૂત નહીં એવા ભણેલાઓ માટે નહીં.

કોઈપણ જાતના બળતણ કે ઈંધણ વગર મતલબ કે, કોઈ જાતના પ્રદૂષણ વગર, પ્રાકૃતિક સંરક્ષણ કરે અને વળી પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્રોત (Renewable Energy)

ના સિદ્ધાંત ઉપર, ને વળી ચાર ઘણું કામ કરે ને સાથે દેશના પશુ ધન ને કતલખાને જતાં અટકાવે એવા આ મશીન ને વધુને વધુ સારું બનાવતા જઈ ગામે ગામ ઘરે ઘર વસાવવાનું સ્વપ્ન લઈને બેઠેલ.

આપનો સેવાર્થી,

લી.

એક પ્રકૃતિ પ્રેમી, વિશ્વાત્મા


ડો. ચૈતન્ય અજીતકુમાર પટેલ
MD

"ભાનુજીત" ૬, ચુનીભાઈ કોલોની,

જુની પાયલોટ ડેરી ચાર રસ્તા,

કાંકરીયા, અમદાવાદ–૩૮૦૦૨૨.

ઈમેલ – bhanujitmdcr@gmail.com

મોબાઈલ – +91 9824035423

વેબ સાઇટ - https://www.bhanujitmdcr.com